NHS England

NHS Leicestershire Partnership NHS Trust

યુનિવર્સિટી અભ્યાસ અને સંશોધનમાં સક્રિય ટ્રસ્ટ
બ્રિજ પાર્ક પ્લાઝા
બ્રિજ પાર્ક રોડ
થર્મસ્ટન
લેસ્ટર
LE4 8PQ

www.leicspart.nhs.uk

એપ્રિલ 2021

પ્રિય યુવા વયની વ્યક્તિ અને માતા-પિતા / કાળજીપ્રદાતા,

**યુવા વયના લોકો માટે ટીનએજ (કિશોરાવસ્થા) બૂસ્ટર અને મેનિન્જાઇટિસ રસીકરણ કાર્યક્રમ**

રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમના ભાગરુપે, અમારી સમુદાય રસીકરણ સેવા શાળામાં 9મા વર્ષમાં (13થી 14 વર્ષના) હોય તેવા તમામ યુવા વયના (પુખ્તાવસ્થા સુધી ન પહોંચેલા) વ્યક્તિઓ માટે 3 ઇન-1 ટીનએજ બૂસ્ટર અને મેનિન્જાઇટિસ રસીકરણ રજૂ કરે છે. આ સામાન્ય ક્રમની રસીઓ ટેટનસ (ધનુર), ડિફ્થેરિયા, પોલિઓ (Td/IPV) સામે સતત સુરક્ષા સુનિશ્ચિત કરે છે અને મેનિન્જાઇટિસના પ્રકારો ACW અને Y સામે રક્ષણ પૂરું પાડે છે. આ ઉંમરે રસીકરણ પ્રાપ્ત કરવું અગત્યનું છે કારણ કે, તે કિશોરાવસ્થાના વર્ષો અને તેનાથી આગળ માટે શ્રેષ્ઠ રક્ષણ આપે છે.

☑ હા, મારે રસીઓ મૂકાવવી છે ☒ ના, મારે રસીઓ નથી મૂકાવવી

**તમે એક અથવા બંને રસી માટે સંમતિ આપી શકો છો.**

**તમે જે પણ નક્કી કરો, તમારે અમને જણાવવું જરૂરી છે.**

- અહીં મુલાકાત લઈ સંમતિ પત્રકને ઓનલાઇન પૂર્ણ કરો: https://www.leicsandrutlandimms.co.uk/
- ડિફ્થેરિયા, ટેટનસ અને પોલિઓ (Td/IPV), મેનિન્ગોકોકલ ACWY (માત્ર વર્ષ 9) પસંદ કરો
- તમને તમારી સ્કૂલના કોડની જરૂર પડશે.
- Fullhurst Community College માટે સ્કૂલ કોડ LE120298 છે
- જ્યારે પત્રક સુપ્રત થઈ જાય ત્યારે તમને એક પુષ્ટિ આપતો ઈ-મેલ મળશે.

*અથવા તમે તમારા સ્માર્ટફોનના કેમેરાનો ઉપયોગ કરીને આ QR કોડ સ્કેન કરીને સીધાં જ અમારા સંમતિ પત્રક પર જઈ શકો છો*

***ખાસ સૂચન:*** સુનિશ્ચિત કરો કે ઈ-મેલ સરનામાંઓ સરખાં જ હોય અને ઈ-મેલ સરનામાં અને સ્કૂલ કોડમાં વચ્ચે કોઈ જગ્યા કે પછી તેની પહેલાં અથવા આખરે કોઈ વિરામચિહ્નો ન હોય.

તમને આ પત્ર મળે એટલે તમારે શક્ય તેટલું જલ્દી સંમતિ પત્રક પૂરી રીતે ભરવું જરૂરી રહેશે.

તમે કોઈપણ સમયે તમારો વિચાર બદલી શકો છો.

સત્રના આગલા દિવસે અમને તૈયારી કરવા મળે તે માટે અમે સિસ્ટમને કામચલાઉ ધોરણે બંધ કરી શકીએ છીએ. સત્ર પછી

જલ્દી જ સિસ્ટમ ફરી શરુ કરવામાં આવશે.

જો તમે આને ઓનલાઈન પૂર્ણ કરવામાં અસમર્થ રહો, તો કૃપા કરીને સહાય માટે અમને 0300 300 0007 પર રિંગ કરો. અમારી કોઈ એક ટીમે પત્રક પૂર્ણ કરવા માટે તમને સામો કૉલ કરવાની જરૂર હોઈ શકે.

રસીઓ બાહુના ઉપલા ભાગમાં બે અલગ અલગ ઇન્જેક્શન્સ તરીકે આપવામાં આવે છે. ટીનએજ બૂસ્ટર અને મેનિન્જાઇટિસ રસીકરણ કાર્યક્રમમાં ઉપયોગમાં લેવાતી રસીઓ **જેલટીન અથવા આલ્કોહોલ નથી ધરાવતી.**

ટીનએજ બૂસ્ટર અને મેનિન્જાઇટિસ રસીકરણ વિશે દર્દી માહિતી પત્રિકા વાંચવા માટે અહીં મુલાકાત લો: www.tiny.cc/boosterleaflet રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations

યુવા વયના લોકો આ રસીઓ વિશે અને અન્ય સ્વાસ્થ્ય મુદ્દાઓ વિશે અહીં મુલાકાત લઈને વધુ જાણી શકે છે: www.healthforteens.co.uk/health/immunisation

આ ટીમ સ્કૂલમાં રસીઓ આપવાની રજૂઆત કરે છે. સલામતપણે રસી અપાવાનું સુનિશ્ચિત કરી શકાય તે માટે અમે તમામ સ્કૂલો સાથે ઝીણવટથી કામ કરી રહ્યાં છીએ જેથી કરીને તમામ યોગ્ય કોવિડ સલામતી ઉપાયો અંગે ખાતરી રહે.

જો તમારા પરિવારનો કોઈ સભ્ય, કે જેની સાથે તમે રહેતા હોવ તે સેલ્ફ-આઇસોલેટ થઈ રહ્યાં હોય અથવા સત્રના દિવસે તમને નીચે આપેલા લક્ષણોમાંથી કોઈ અનુભવાઇ રહ્યાં હોય તો **કૃપા કરીને ભાગ લેશો નહિ.**

- **ભારે તાવ - તમારી છાતી અથવા પીઠ પર સ્પર્શ કરતાં તમને ગરમ લાગે**
- **નવી સતત ચાલુ રહેતી ઉધરસ - આનો અર્થ છે કે તમને વારંવાર ઉધરસ આવવાની શરુ થઈ છે.**
- **તમારી ગંધ પારખવાની અને સ્વાદ ઓળખવાની ક્ષમતા ગુમાવવી અથવા તેમાં બદલાવ આવવો - આનો અર્થ છે કે તમે નોંધ્યું છે કે તમને કોઈ વસ્તુની ગંધ કે સ્વાદ નથી આવતા, અથવા સામાન્ય કરતા અલગ ગંધ કે સ્વાદ આવે છે.**

જો તમે તે દિવસે ગેરહાજર હોવ, તો રસીકરણ માટે એક વધારાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે.કૃપા કરીને નોંધશો કે આ રસી તમારા GP દ્વારા નિયમિત ધોરણે રજૂ કરવામાં આવશે નહિ.

અમે સમજીએ છીએ કે જો અમે સ્કૂલમાં રસીકરણ પૂર્ણ કરવામાં અસમર્થ રહીએ તો એક વૈકલ્પિક સ્થળ ઉપલબ્ધ કરાવવાની જરૂર પડી શકે છે. આ સેવા એ સુનિશ્ચિત કરશે કે જો આવું હોય તો તમને સંપૂર્ણ રીતે જાણ કરાયેલી હોય.

જો તમે પાછલા 5 વર્ષોમાં ટેટનસ, ડિફ્થેરિયા અને પોલિઓ (Td/IPV) માટે રસીકરણ કરાવ્યું હોય તો તમને પછીની કોઈ તારીખ સુધી આ રસીકરણની જરૂર નથી પરંતુ છતાં પણ તમને મેનિન્જાઇટિસ માટે રસીની જરૂર હોઈ શકે. યુવા વયની દરેક વ્યક્તિનું તેમની પાત્રતાની પુષ્ટિ કરવા માટે આકલન કરવામાં આવશે. જો તમારે HPV રસી લેવાનો સમય પણ થઈ ચૂક્યો હોય, તો એ જ સમયે આને પણ સાથે જ રજૂ કરાશે. અને આ ત્રણેય સાથે લેવી હાનિકારક નથી.

રસીકરણ પછી સમુદાય રસીકરણ સેવા તરફથી તમને રસીકરણ બાદ માટેની થોડી માહિતી ઈ-મેલ કરવામાં આવશે અને માહિતીને યુવા વયની વ્યક્તિના NHS સ્વાસ્થ અહેવાલોમાં દાખલ કરવામાં આવશે.

જો તમને કોઈ પ્રશ્નો હોય અથવા રસીકરણ દરમયાન જરૂર હોય તેવા કોઈ વધારાના ટેકા અંગે ચર્ચા કરવા માંગતા હોવ તો તમે ટીમનો આ ટેલિફોન: 0300 300 0007 થકી (વિકલ્પ 1 પસંદ કરો પછી વિકલ્પ 4 પછી વિકલ્પ 2) અથવા ઈ-મેલ: Communityimms@leicspart.nhs.uk વડે સંપર્ક કરી શકો છો. અમે રસીકરણ રજૂ કરીએ તે સમયગાળા દરમ્યાન કૉલની સંખ્યા વધુ હોય છે અને વધુ કૉલ આવતા હોય તે સમયે તમારા કૉલનો જવાબ અપાય તે માટે રાહ જોવી પડી શકે છે. તમારી પાસે ટીમ માટે એક વૉઇસમેસેજ મૂકવાનો વિકલ્પ હશે અને અમે તમારા કૉલ સામે વળતો કૉલ કરીશું.

આપના ભવદીય,

Dr Tim Davies (ડૉ ટિમ ડેવીસ)
**સ્ક્રીનિંગ અને રસીકરણના મુખ્ય સલાહકાર**
*NHS ઈંગ્લૅન્ડ અને NHS સુધારા - મિડલૅન્ડ્સ*

Suzanne Leatherland (સુઝાન લીધરલૅન્ડ)
**રસીકરણ સર્વિસ મેનેજર**
*લેસ્ટરશાયર પાર્ટનરશિપ NHS ટ્રસ્ટ*

**ઓનલાઈન સંમતિ પત્રક પૂર્ણ કરવા માટે નોંધ**

અહીં મુલાકાત લો: https://www.leicsandrutlandimms.co.uk/Forms/DTP
તમારું ઈ-મેલ એડ્રેસ દાખલ કરો અને પુષ્ટિ કરો
તમારો સ્કૂલ કોડ: LE120298 દાખલ કરો અને સ્કૂલ શોધો પર ક્લિક કરો. તમારી સ્કૂલનું નામ દેખાતું હશે.

***ખાસ સૂચનો:***

- અમારા પેજ પર જવા માટે તમે "Leicester imms" માટે ઓનલાઈન શોધ પણ કરી શકો છો
- સુનિશ્ચિત કરો કે ઈ-મેલ સરનામાંઓ સરખાં જ હોય અને ઈ-મેલ સરનામાં અને સ્કૂલ કોડમાં વચ્ચે કોઈ જગ્યા કે પછી તેની પહેલાં અથવા આખરે કોઈ વિરામચિહ્નો ન હોય.

**ભાગ 1: દર્દી માહિતી અને સંપર્ક વિગતો**

**કૃપા કરીને તમારા બાળકનો NHS નંબર, જો ઉપલબ્ધ હોય તો, સમાવેશ કરશો**

જો તમે GP પ્રેક્ટિસ ખાતે નોંધાયેલા હોવ તો તમારી પાસે આ નંબર પહેલેથી હશે. તે એક 10 અંકોનો નંબર છે જે દરેક વ્યક્તિ માટે અનન્ય હોય છે અને તેમના મેડિકલ કાર્ડ પર મળી આવશે. તે NHS તરફથી આવેલા કોઈ પત્રમાં, કોઈ પ્રિસ્ક્રિપ્શન અને દરેક બાળકની રેડ બુક - "મારો વ્યક્તિગત બાળ સ્વાસ્થ્ય અહેવાલ"માં પણ મળી આવશે.

**ભાગ 2: સંમતિની જાહેરાત**

ફ્લૂ રસીકરણ માટે સંમતિ આપવા માટે આને પૂર્ણ કરો.

**ભાગ 3: તબીબી ઈતિહાસ**

રસીકરણ ઈતિહાસ અંગેના પ્રશ્નોના જવાબ અને રસીકરણ દરમ્યાન જરૂરી હોય તેવા કોઈ ટેકાની વિગતો ભરો.

**યુવા વયની વ્યક્તિ આ રસીકરણ માટે તમારી સંમતિ વિના પોતાને માટે સંમતિ આપી શકે છે અને સ્વાસ્થ્ય વ્યાવસાયિક એક માહિતગાર નિર્ણય લેવાની તેમની ક્ષમતાને મૂલવશે.**

**માહિતી વહેંચવી:** સ્કૂલ ખાતે રસીકરણ બાદ, એક સૂચનાપત્ર પૂરું પાડવામાં આવશે અને માહિતી તમારા બાળકના NHS સ્વાસ્થ્ય અહેવાલોમાં ઉમેરવામાં આવશે.

**અન્ય ભાષાઓમાં સ્વાસ્થ્ય માહિતી થકી મદદ માટે, કૃપા કરીને અહીં મુલાકાત લો:** https://www.nhs.uk/about-us/health-information-in-other-languages/



2020-3-A-v1.0